અપીલ અરજી નં.૨૦૧ તા.૨–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મેહુલ વી પટેલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મેહુલ વી પટેલની તા.૧૬–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૦૧/૨૦૧૧–૧૨

શ્રી મેહુલ વી પટેલની તા.૧૬–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૪ તા.૯–૮–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમણે મુળ અરજીથી માંગેલ માહિતીની તથા પક્ષકાર જા.મા.અ. સિવાય તે તેમની જાણ હેઠળ તબદીલી હોય તો તે પણ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તેમની તા.૧૬–૮–૧૧ ની અરજીથી માહિતી મળી ગયેલ હોવાથી અપીલ રદ કરવા જણાવતા પત્રની મુળ નકલ અત્રે મળેલ છે. જેના સંદર્ભે અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ /૭૨૦ તા.૨–૯–૧૧ થી સદર અપીલ પરત ખેંચવા બાબતે સ્પષ્ટતા માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ પ્રત્યુત્તર મળેલ નથી.

અરજદારની તા.૧૬–૬–૧૧ ની અરજી સામે તા.૨–૮–૧૧ ના રોજ કરેલ અપીલ સાથે મુળ અરજીની નકલ કે વિગતો આરટીઆઈના નિયમ–૬ મુજબ રજૂ કરવાની રહે છે પરંતુ અરજદારે તે રજૂ કરેલ ન હોઈ તે બાબતે બંને પક્ષકારોને અપીલ તબકકે અત્રેથી આરટીઆઈ સેલ/૬૨૪ તા.૯–૮–૧૧ થી પત્ર પાઠવવા છતાં મુળ અરજીની વિગતો રજૂ કરેલ નથી. પરંતુ અરજદારે ફી ભર્યાની વિગતની નકલ રજૂ કરેલ છે તેમાં અરજદારે તા.૧૬–૬–૧૧ ની અરજીથી લો કાસ્ટ કોલોની ઉમરવાડા ડી ટેનામેન્ટ પાસે થતું બાંધકામ કાયદેસર છે કે નથી તેની વિગતો માંગતી અરજીની પહોંચમાં વિગત જણાવેલ છે. જયારે અપીલમાં પણ ફકત બાંધકામ કાયદેસર છે કે નહીં તેની વિગતો જણાવેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે પૂરક વિગતોમાં મ્યુ. કમિ.શ્રીને સંબોધતા અપીલ રદ કરવા બાબત હેઠળ તા.૧૬–૬–૧૧ ના રોજ પત્ર પાઠવેલ જેમાં અરજદારે અમોએ તા.૨–૫–૧૧ ના રોજ કરેલ અપીલ બાંધકામ સંબધી માહિતી મળેલ ન હોવાથી કરેલ હતી પરંતુ જરૂરી માહિતી મળી ગયેલ હોવાથી અપીલ રદ કરવા જણાવેલ છે. પરંતુ અરજદારની તા.૨–૫–૧૧ ની અપીલ નહીં પરંતુ તા.૨–૮–૧૧ ની અપીલ હોવાથી તારીખમાં ભુલ હોવાનું જણાતા તે અત્રેથી આરટીઆઈ સેલ/૭૨૦ તા.૨–૯–૧૧ થી પત્ર પાઠવી તેમની તા.૨–૮–૧૧ ની અપીલ ચાલુ રાખેલ છે કે કેમ તેની સ્પષ્ટતા માંગવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ પ્રત્યુત્તર કે સ્પષ્ટતા ન થયેલ હોવાથી અપીલ પરત ખેંચેલ હોવાનું માનવાને કારણ છે. આમ અરજદારની અપીલ પરત ખેંચાયેલ હોઈ અપીલ અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી. અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી અરજદાર તરફથી પરત ખેંચેલ હોય અપીલ અરજી અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મેહુલ વી પટેલ,